# પુણ્ય અને  પાપનું મિલન

- અરુણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્ય સભા)

છેલ્લા 24 કલાક વર્ષ 2014ની લોકસભાની ચૂંટણી માટે અત્યંત મહત્વના બનાવોથી ભરપૂર રહ્યા. ભાજપને સમર્થનનો પ્રવાહ સતત ચાલુ રહ્યો છે. ગોરખા જનમુક્તિ મોરચાએ દાર્જિલિંગ અને ઉત્તર બંગાળ મતવિસ્તારમાં ભાજપને ટેકો આપવા માટે નિર્ણય લીધો છે. આ ટેકો ભાજપની વિજયકૂચને આગળ ધપાવવામાં મદદ કરશે. બંગાળમાં કેટલીક બેઠકો મળવાની શક્યતા હવે વાસ્તવિકતામાં પરિણમશે. તેની સાથે જ, તેના ભૂતપૂર્વ પ્રમુખ , ચંદર મોહન પટવારીની આગેવાની આસામ ગણ પરિષદે પણ ભાજપમાં જોડાવા માટે નોંધપાત્ર નિર્ણય લીધો છે. તેઓ આસામમાં લોકસભાની કેટલીક બેઠકો પરથી ભાજપના ગંભીર દાવેદાર બને તેવી અપેક્ષા છે. આસામમાં એજીપીના મહત્વપૂર્ણ નેતાઓ ભાજપમાં જોડાયા બાદ આસામમાં એકમાત્ર બિન-કોંગ્રેસી પક્ષ તરીકે ભાજપની સ્થિતિ મજબુત બનશે.

કેટલાક અન્ય રાજ્યોમાં પણ વિવિધ પક્ષો છોડીને ભાજપમાં જોડાનાર વ્યક્તિઓનો પ્રવાહ ચાલુ જ છે. આગામી થોડા દિવસોમાં કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તમિળનાડુ એ દક્ષિણ ભારતના વિરોધી રાજ્યોમાં ભાજપ અને એનડીએની હાલની પરિસ્થિતિને મજબૂત બનાવે એવા અત્યંત મહત્વપૂર્ણ બનાવો બનશે. જેનાથી ભાજપનું પરંપરાગત રીતે મજબૂત રાજકીય બળ ન હોય એવા ભારતના પૂર્વ અને દક્ષિણ ભાગોમાં ભાજપની મજબૂતાઈમાં ઉમેરો કરશે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંનેમાં મહત્ત્વના બનાવો બન્યા છે . મધ્ય પ્રદેશમાં ભીંડના કોંગ્રેસના ઉમેદવારે પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે ભરેલું ફોર્મ પાછું ખેંચી લેવાનો ઇનકાર કર્યો છે. તેમણે ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો છે. ચંદીગઢમાં આપને નોંધપાત્ર ટેકો

હોવાનો દાવો કરાતો હતો. ચંદીગઢમાં તેના ઉમેદવારે ગૂંચવાડો સર્જી ઉમેદવારી પરત કરવાનો નિર્ણય લીધો છે. તેમની ચૂંટણી માટે સંગઠનાત્મક આધારનો અભાવ હોવાનું તેમને લાગ્યું હતું. જેમની આસપાસ લોકો મોટી સંખ્યામાં હોય તેઓ સંભવિત વિજેતા બને છે. જે પક્ષના ટેકેદારો ઓછા હોય તેઓની દાવેદારી નોંધપાત્ર ગણાતી નથી. જો કે, તેમણે આવી કબુલાત જાહેરમાં કરીને તે પક્ષમાંથી ઉમેદવારી કરવાનો ઇનકાર કર્યો છે કે જે અભૂતપૂર્વ બાબત છે. જે ઉમેદવારોને જીતવાની સંભાવના જણાતી ન હોય ત્યારે જ આવું થાય છે .

આમ આદમી પાર્ટીનું મીડિયા સાથેનું હનીમૂન પૂર્ણ થઈ ગયું હોય તેમ લાગે છે. મીડિયામાં તે પક્ષની પ્રવૃત્તિઓના અનેક અહેવાલો પ્રગટ થવા છતાં પણ હવે અન્ય કોઇ રાજકીય પક્ષ સાથે તેની ગંભીર સરખામણી થઈ નથી. તે પક્ષ માટે વધુ પડતા મીડિયા કવરેજ માટે બિનકોંગ્રેસી કે ભાજપ વિરોધી ટીવી ચેનલો કારણભૂત હતી . એક વિચિત્ર વિડીયો હવે યુ ટ્યુબ પર લોડ કરવામાં આવ્યો છે. આ વિડીયોમાં આપના પ્રમુખ તેમના ઈન્ટરવ્યૂના રેકોર્ડિંગ માટે એક અગ્રણી ન્યૂઝ ચેનલના એન્કર સાથે બંધબારણે વાતચીત કરતા દર્શાવાયા છે. બંને ઈન્ટરવ્યૂમાં ફેરફારની વાત કરે છે. ક્યા ભાગો પ્રસારિત કરવામાં આવે અને આપ પક્ષના નેતાને મધ્યમ વર્ગનો ટેકો કેવી રીતે મળી શકે તેના પર તે વાતચીતમાં ભાર મૂકવામાં આવ્યો છે. અમે કોઈપણ એન્કર અથવા મીડિયા સંસ્થાના આવા વિશેષાધિકારના વિરોધી નથી. ચોક્કસ છબી ઊભી કરવા માટે બનાવાયેલી મૈત્રીપૂર્ણ મુલાકાતો આપ પક્ષની વ્યૂહરચના છે. આ સ્પષ્ટ ન હોય એવો ઢોંગ તેઓ કરે છે. તેઓ અવાસ્તવિક છે જે પોતાની ઈમેજને પ્રોજેક્ટ કરવા ઈચ્છે છે. વાસ્તવિકતા અને પ્રસારણ વચ્ચેની હકીકતમાં સંપૂર્ણ સત્ય નથી. પૂણ્ય અને પાપનું મિલન થાય ત્યારે એક ષડયંત્રની અપેક્ષા રાખી શકાય નહિ.